

આજે ક્ષમાપનાનો દિવસ છે. ક્ષમાપના ક્યારે કહેવાય પ્રભુ !—કે તારું જેટલું ને જેવડું સ્વરૂપ છે તેટલું ને તેવડું દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં રાખ તો તેં આત્માને ખમાવ્યો અને એનાથી ઓછું-અધિક-વિપરીત કર્યું તો આત્માને હણી નાખ્યો.

—માર્ગપ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૩ વિ. સં. ૨૦૪૯ (૬૦૦) * આત્મધર્મ * (અંક-૪ વર્ષ-૫૦) વીર સં. ૨૫૧૯ ઓકટોબર, ૧૯૯૩

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* આત્મા મૂર્તિ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ) રહિત હોવા છતાં પણ, શરીરમાં સ્થિત હોવા છતાં પણ તથા અદૃશ્ય અવસ્થાને પ્રાપ્ત હોવા છતાં પણ નિરંતર "अहम्" અર્થાત્ "હું" આ ઉલ્લેખથી સ્પષ્ટપણે પ્રતીતિમાં આવે છે. એવી અવસ્થામાં હે ભવ્ય જીવો! તમે આત્મોન્મુખ ઇન્દ્રિય સમૂહથી સંયુક્ત થઈને કેમ મોહને પ્રાપ્ત થાવ છો? ગુરુની આજ્ઞાથી પણ ભ્રમ છોડો અને અભ્યંતરમાં નિશ્ચય મનથી તે આત્માનું અવલોકન કરો. (૩૫૯). (શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૩૬)

* જેમ મોહથી મત મન, કંચન અને કામિનીમાં રમે છે તેમ જો પોતાના શુદ્ધ આત્મામાં (રમે તો) મોક્ષ સમીપ શીઘ્ર શું ન આવે? મુક્તિ સમીપવર્તી કેમ ન થાય? (૩૬૦).

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૭)

* ઇન્દ્રિય સુખના ભાજનોમાં પ્રધાન દેવો છે; તેમને પણ ખરેખર સ્વાભાવિક સુખ નથી; ઉલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે; કારણ કે તેઓ પંચેન્દ્રિયાત્મક શરીરરૂપ પિશાચની પીડા વડે પરવશ હોવાથી ભૃગુપ્રાત (એટલે કે અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ) સમા મનોજ્ઞ વિષયો તરફ ધસે છે. (૩૬૧).

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૭૧)

* હે આત્મન્! તૂ જિસ પ્રકાર કામકે બાણોંસે પીડિત હોકર સ્ત્રીકે સંયોગસે પ્રાપ્ત હોનેવાલે સુખકે વિષયમેં અપને ચિત્તકો કરતા હૈ ઉસી પ્રકાર યદિ મુક્તિકે કારણભૂત જિનેન્દ્રકે દ્વારા ઉપદિષ્ટ મતકે વિષયમેં ઉસ ચિત્તકો કરતા તો જન્મ, જરા ઔર મરણકે દુઃખસે છૂટકર કિસ કિસ સુખકો ન પ્રાપ્ત હોતા—સબ પ્રકારકે સુખકો પા લેતા. ઐસા ઉત્તમ સ્થિર બુદ્ધિસે વિચાર કરકે ઉક્ત જિનેન્દ્રકે મતમેં ચિત્તકો સ્થિર કર. (૩૬૨). (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૦૬)

[illegible]
સંવત-૧૩
વર્ષ-૫૦
અંક-૪
[ ૬૦૦ ]




વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
OCT.
A. D. 1993

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ઇન્દ્રિયો, મન, ચાર ગતિના દુઃખ, વિભાવ બધું કર્મકૃત છે

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં.-૪૪ ]

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૬૨મી ગાથા ચાલે છે તેનો ભાવાર્થ ફરીથી લઈએ.

અહીં, આત્માને કર્મોના રજકણનું બંધન કઈ રીતે છે તે વાત સિદ્ધ કરવી છે, સાથે સર્વજ્ઞે કહેલાં તત્ત્વો કેવી રીતે છે તે બધી વાત પણ યોગીન્દ્રદેવ સિદ્ધ કરતાં જાય છે. જીવનું સ્વરૂપ, જડનું સ્વરૂપ, આસ્રવનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ એક એક બોલમાં સિદ્ધ કરતાં જાય છે.

ભાવાર્થ :—શુદ્ધ આત્માની અનુભૂતિથી ભિન્ન જે વિષય-કષાય તેમાં શુદ્ધ આત્મા તે જ્ઞાયક-વસ્તુ, તેની અનુભૂતિ એટલે પર્યાય, શેની ?—કે શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની અનુભૂતિની પર્યાય તે સંવર નિર્જરા તત્ત્વ છે—આત્માનો ધર્મ છે તેનાથી ભિન્ન-જુદી જાતના એવા વિષય-કષાય તે આસ્રવ અને બંધભાવ છે. જ્ઞાયક-તત્ત્વનું લક્ષ નહિ કરતાં ચૈતન્યસૂર્યનો અનુભવ નહિ કરતાં, પરનું લક્ષ કરી, તેને વિષય બનાવી મિથ્યાત્વ રાગ-દ્વેષના ભાવ કર્યા તે આસ્રવ અને બંધભાવ છે. આ આસ્રવ અને બંધભાવથી જે પર્યાયમાં રંગાયેલો છે એવો આત્મા પોતાના ચૈતન્યસૂર્યના અંતરમુખ જ્ઞાનના અભાવમાં મોહકર્મને ઉત્પન્ન કરે છે.

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત છે, પ્રકાશની મૂર્તિ છે. તેના અંતરમુખ

જ્ઞાનના અભાવમાં ઉત્પન્ન થયેલા મોહકર્મ-જડકર્મના ઉદયમાં જીવ મોહ અને રાગ-દ્વેષપણે પરિણત થાય છે એવા જીવને જગતમાં રહેલાં કર્મવર્ગણાયોગ્ય પુદ્ગલસ્કંધો જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપ થઈને પરિણમે છે. આ કર્મો છે તે જડ છે. જડતત્ત્વમાં પણ અનેક જાતની વર્ગણા છે. તેમાંથી આ કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલસ્કંધો જ જ્યારે જીવ વિષય-કષાયરૂપે પરિણમે છે ત્યારે જીવ સાથે બંધાય છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. જ્ઞાન અને આનંદ એ એનું રૂપ છે. તેની અનુભૂતિથી વિપરીત વિષય-કષાયના પરિણામ, તેમાં રંગાયેલા ભાવથી મોહકર્મ ઉત્પન્ન થાય છે તેનો ઉદય આવતાં વળી જીવ તેમાં જોડાઈને મોહ અને રાગ-દ્વેષરૂપે પરિણમે છે એવા જીવને કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલસ્કંધ આઠ કર્મરૂપ થઈને પરિણમે છે. આમાં એ વાત સિદ્ધ કરે છે કે આઠ કર્મની અવસ્થારૂપે તે પુદ્ગલસ્કંધો પરિણમે છે, જીવ તેને પરિણામવતો નથી.

આમાં જીવ સિદ્ધ કર્યો, કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલ સિદ્ધ કર્યું, આત્મજ્ઞાનના અભાવમાં ઉત્પન્ન થયેલા વિષય-કષાયના રંગથી મોહકર્મ ઉત્પન્ન થાય છે. જુઓ, પોતાના આત્માનું જ્ઞાન નથી માટે મોહ થાય છે અને એ મોહના ઉદયથી આઠ કર્મ બંધાય છે. મોહકર્મના ઉદયથી પરિણત થયેલો રાગી, દ્વેષી, મોહી જીવ એટલે કે મને પરમાં સુખ છે, પરથી મને આનંદ છે એવો મિથ્યાત્વભાવ અને ઈષ્ટ-અનિષ્ટ વિષયમાં રાગ અને દ્વેષ કરતો એવો સંસારીજીવ છે તેને કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલો આઠ કર્મરૂપ થઈને પરિણમે છે. જીવ તેને આઠ કર્મરૂપે પરિણમાવતો નથી પણ કર્મયોગ્ય પુદ્ગલો સ્વયં આઠ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે પણ કોને? કે જેને હું જ જ્ઞાન, આનંદસ્વરૂપ છું એવું પોતાનું જ્ઞાન નથી એવા જીવને મોહકર્મના ઉદયથી આવા કર્મો બંધાય છે.

જુઓ! સર્વજ્ઞ સિવાય આ રીતે પૂરી વાત ક્યાંય ન હોય. જીવ પોતાના અનુભવજ્ઞાનના અભાવમાં મોહકર્મથી બંધાય છે અને તેના ઉદયમાં અજ્ઞાની જીવ મોહ, રાગ, દ્વેષરૂપે પરિણમે છે અને તે જ વખતે કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલસ્કંધ આઠ કર્મરૂપે પરિણમે છે. આમ, જીવ અને પુદ્ગલ બંનેની અવસ્થાનું પરિણમન સિદ્ધ કર્યું છે. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય ન હોય.

જેમ તેલથી શરીર ચીકણું થાય છે અને તેને ધૂળ લાગતાં તે ધૂળ મેલરૂપે થઈને પરિણમે છે તેમ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્માના જ્ઞાનના અભાવમાં મોહ, રાગ, દ્વેષના ચીકણા ભાવમાં કર્મપુદ્ગલો આઠ કર્મરૂપ થઈને ચોંટે છે. વિષય-કષાયની દશામાં પુદ્ગલવર્ગણા કર્મરૂપ થઈને જીવ સાથે બંધાય છે.

જે કાળે અજ્ઞાની આત્મા વિષય-કષાયમાં પરિણમે છે તે જ કાળે પુદ્ગલ કર્મરૂપે પરિણમે છે. આ 'તે કાળ...'ની શૈલી સમયસારની ૧૨ મી ગાથામાં...તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. અને ૧૪૪ મી ગાથામાં તે પરમાત્મા દૃશ્યમાન થાય છે-શ્રદ્ધામાં આવે છે એ વાત લીધી છે. ૧૪૩ માં પણ 'તે કાળે'ની વાત આવે છે. અહીં ૬૨મી ગાથામાં પણ આત્મા વિકારરૂપે પરિણમ્યો છે તે કાળે રજકણો કર્મરૂપે પરિણમે છે. પોતાના સ્વરૂપથી ઊંધો પડેલો આત્મા પરમાં મને સુખ છે ને પ્રતિકૂળતાથી મને દુ:ખ છે એવી રાગ-દ્વેષની પરિણતિ ઉત્પન્ન કરે છે ત્યારે કર્મો બંધાય છે તેથી જીવે કર્મ બાંધ્યા એમ નિમિત્તથી કહેવાય છે.

તે જ પરમાત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં અંતરદૃષ્ટિ કરે છે ત્યારે—હું તો પુણ્ય-પાપ રાગથી રહિત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ સમાધિના કાળે કર્મોનો ક્ષય કરે છે. અહીં પોતાના પરિણામમાંથી વિકાર છૂટી જાય છે તે જ કાળે સામે કર્મો છૂટી જાય છે.

ભગવાન આત્મા જેવો છે તેનાથી વિપરીત મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ કરે છે તે તો આકુળતા છે અને એ આકુળતારૂપે પરિણમવાથી સામે કર્મો પુદ્ગલો પણ કર્મરૂપે પરિણમે છે અને જ્યાં પોતે આકુળતાથી છૂટી શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરીને નિરાકુળતાની પરિણતિએ પરિણમે ત્યાં બંધાયેલા કર્મોનો ક્ષય થઈ જાય છે અર્થાત્ કર્મ અકર્મરૂપ પુદ્ગલ થઈ જાય છે.

જ્ઞાનાનંદમૂર્તિ ચૈતન્યસૂર્ય ઉપર દૃષ્ટિ આપીને એકાગ્ર થાય ત્યારે તે આત્મા સેવવાયોગ્ય અને આરાધવાયોગ્ય છે. આ ૬૨મી ગાથાનું તાત્પર્ય છે.

આ રીતે કર્મસ્વરૂપના કથનની મુખ્યતાથી ચાર દોહા કહ્યાં. હવે આગળ પાંચ ઇન્દ્રિય, મન, સમસ્ત વિભાવ અને ચારગતિના દુ:ખ આ બધું શુદ્ધનિશ્ચયનયથી કર્મોથી ઉપજે છે, જીવથી નહિ. આ અભિપ્રાય મનમાં રાખીને દોહા-સૂત્ર કહે છે.

ભગવાન આત્મા તો સત્...સત્...શાશ્વત જ્ઞાન ને આનંદનો કંદ છે. તે કાંઈ પાંચ ઇન્દ્રિયને ઉપજાવતો નથી. એ તો કર્મની રચના છે. મન, વિભાવ અને ચાર ગતિ આદિ પણ કર્મની રચના છે. જીવવસ્તુના સ્વભાવમાં તો એ નથી અને અખંડાનંદ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાનથી પણ કર્મો બંધાતા નથી અને કર્મના ઉદય વિના ઇન્દ્રિય આદિ મળતાં નથી. ધ્યાન રાખજો. કેટલું સિદ્ધ કરતાં જાય છે!

વસ્તુ તરીકે તો આત્મા અકષાય શાંત રસની શિલા છે. બરફની જેમ ઠંડી પાટ હોય છે તેમ આત્મા એકલો અવિકારી શાંતરસની શિલા છે. એવા સ્વભાવથી

કદી મન અને ઇન્દ્રિયો ન થાય. ૬૦મી ગાથાના ભાવાર્થમાં પહેલી જ લીટીમાં કહ્યું છે કે, 'આ જીવ શુદ્ધ નિશ્ચયથી વીતરાગ ચિદાનંદ સ્વભાવ છે.' આ શબ્દો તેનું વાચ્ય બતાવે છે. જેમ સાકર શબ્દ 'સાકર' વસ્તુને બતાવે છે તેમ 'વીતરાગ ચિદાનંદ' શબ્દનું વાચ્ય અકષાય શાંતરસની શિલા આત્મા છે. આ પાંચ ઇન્દ્રિયો અને મન આદિ તો બધું જડ છે, આત્મા નથી. માટે કહ્યું કે, શુદ્ધ નિશ્ચયનયથી જોઈએ તો પાંચ ઇન્દ્રિયો, મન, વિભાવભાવ અને ચારગતિ આદિ કર્મોથી ઉપજેલા છે, જીવનો એ સ્વભાવ નથી, અને સ્વભાવથી ઉત્પન્ન થયેલાં તે ભાવ નથી. વિભાવ કરેલો, તેનાથી કર્મ થયા અને એ કર્મથી વિભાવ થયા છે. સ્વભાવમાંથી વિભાવ થતો નથી.

પ્રભુ શુદ્ધ ચૈતન્યમાંથી શું થાય ?— કે, નિર્મળ શાંતિ અને આનંદની દશા પ્રગટ થાય. કર્મ અને વિભાવ તો તેમાંથી ન થાય. તો એ ક્યાંથી થયાં ?—કે કર્મના કારણે ઇન્દ્રિયો, મન અને વિકાર થયા છે, જીવના સ્વભાવથી થયાં નથી—એમ બતાવવું છે.

આ પરમાત્મપ્રકાશની કથનની શૈલી તો જુઓ ! સમયસાર જેવી જ શૈલી છે.

ભગવાન આત્માને ઇન્દ્રિયો કેવી ! એ તો જાણનાર છે. આંખ, કાન, નાક, આદિ ઇન્દ્રિયોને ક્યાં ભાન છે કે અમે કોણ છીએ ! તેને જાણનાર તો જીવ છે. જાણનારો ઇન્દ્રિયોથી ભિન્ન છે. તે બધી ઇન્દ્રિયોને જાણે છે પણ તેનું જાણવું...જાણવું...જાણવું એ તો એકરૂપ રહ્યું છે. પેટમાં કાંઈ થાય કે પગમાં થાય કે કાનમાં થાય તેને જાણનાર તો એક આત્મા જ છે. જાણનાર...જાણનાર...જાણનાર વ્યાપક ચૈતન્ય તે આત્મા છે. પણ એણે કદી વિચાર કર્યો નથી કે હું કોણ છું. ! અનંતકાળથી ખોટી માથાકૂટમાં મરી રહ્યો છે.

જ્યાં જુઓ ત્યાં એક જ્ઞાનમય ચૈતન્ય છે. તે જ્ઞાનમય છે માટે શુદ્ધ છે. તેને શુદ્ધ જ્ઞાનમય કહો, શુદ્ધ આનંદમય કહો કે શુદ્ધ સ્વરૂપ કહો–એવો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવથી કર્મને કેમ ઉપજાવે ! શુદ્ધ સ્વભાવથી વિભાવ કેમ કરે ! શુદ્ધ સ્વભાવથી ઇન્દ્રિયો અને મન કેમ મળે ! શુદ્ધ સ્વભાવથી સંકલ્પ-વિકલ્પની જાળ કે ઇન્દ્રિયો કે મન કે ચાર ગતિ કાંઈ ન ઉપજે. માટે, પાંચ ઇન્દ્રિય, મન, ગતિ આદિ કાંઈ આત્માથી ઉપજતાં નથી પણ કર્મથી ઉપજે છે એમ અહીં સિદ્ધ કરે છે.

पंच वि इन्दिय अण्णु मणु अण्णु वि सयल–विभाव ।
जीवहँ कम्मई जणिय जिय अण्णु वि चउगइ–ताव ॥ ६३ ॥

ભગવાન સર્વજ્ઞદેવે દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યું તે જ વાત સંતો વર્તમાન ભાષામાં કહે છે. આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શ્રોતેન્દ્રિય આ પાંચેય ઇન્દ્રિયો શરીરમાં છે પણ તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે અને ઇન્દ્રિયો આત્માથી ભિન્ન છે. તેમ જ મન પણ આત્માથી ભિન્ન છે. ચાર ગતિના દુઃખ અને રાગાદિ વિભાવ તે પણ આત્માથી ભિન્ન છે. એ તો કર્મકૃત છે,

પાંચ ઇન્દ્રિયો, મન, ચાર ગતિના દુઃખ અને રાગાદિ સમસ્ત વિભાવ આ ચાર બોલ લઈને ગુરુ સમજાવે છે કે આ બધું કર્મકૃત છે, જીવનું કરેલું નથી. આમ કહીને તારી ભૂલથી આ ઇન્દ્રિયાદિ બધું ઉપજ્યું છે પણ એ ભૂલ તારું સ્વરૂપ નથી એમ બતાવવું છે. ભૂલ પોતે જ એક વિકાર છે તેનાથી કર્મ ઉપજ્યા અને કર્મના નિમિત્તે આ શરીરાદિ બધું થયું છે પણ તે તારું સ્વરૂપ નથી. તારાં ભૂલરહિત સ્વભાવમાં આ કાંઈ નથી.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની મૂર્તિ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે તે કાંઈ આત્મા નથી. એ તો આસ્રવ તત્ત્વ છે અને શરીર અજીવ તત્ત્વ છે તે બંનેથી ભગવાન આત્મા ભિન્ન છે. આ રીતે બધાં તત્ત્વની અસ્તિ સિદ્ધ કરતાં જાય છે અને તે અસ્તિ બીજાં તત્ત્વથી ભિન્ન છે એમ પણ સાથે સિદ્ધ કરે છે. સર્વજ્ઞ અને સંતોની ધારામાં આવેલી આ વાત દરેકનું અસ્તિત્વ સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે.

ઇન્દ્રિયો, મન, વિકાર અને ચાર ગતિના દુઃખ આનંદમૂર્તિ ભગવાનથી ભિન્ન છે. માટે તે જીવના સ્વભાવથી થયેલા ભાવ નથી, ભૂલથી થયેલા ભાવ છે. મિથ્યાત્વભાવ સ્વભાવમાં નથી, અવસ્થામાં થયેલી ભૂલ છે. એ ભૂલ તે વિકાર છે તે તો જુદી ચીજ છે.

આ તો વીતરાગના બોલ છે ભાઈ! સર્વજ્ઞ વીતરાગે કહેલા તત્ત્વોનો આબેહૂબ ચિતાર સંતો આપે છે.

શ્રોતા :—ચાર ગતિના દુઃખથી તો આત્મા જુદો છે પણ સુખથી તો સહિત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ચાર ગતિમાં સુખ જ ક્યાં છે? રૂપાળુ શરીર હોય કે પૈસાવાળા હોય કે અનેક જાતની અનુકૂળતાવાળા હોય, પણ એ બધાં દુઃખી છે. કેમ કે પરને પોતાના માનીને પોતે જ દુઃખ ઊભું કરે છે. પોતે તો ખરેખર આનંદસ્વરૂપ છે પણ પોતાની ભૂલથી જ દુઃખી થઈ રહ્યો છે એ ભૂલ પોતાનું સ્વરૂપ નથી, ભૂલ એ જ કર્મ છે તે જીવનું સ્વરૂપ નથી.

જ્ઞાનાનંદપ્રભુ શીતળ ચંદનની ગાંઠ એવો ભગવાન આત્મા છે તેને લઈને શું વિકાર હોય? તેને લઈને ઇન્દ્રિય, મન અને ચાર ગતિ હોય! ન હોય ભાઈ! તું તો

તેનાથી ભિન્ન છો. એ બધું છે પણ તારાં સ્વરૂપમાં એ કોઈ નથી. માત્ર પર્યાયમાં ઉભો કરેલો ભ્રમ છે કે આ શરીરમાં હું છું, રાગમાં હું છું વગેરે...એ ભ્રમના ફળરૂપે કર્મ છે અને કર્મના ફળમાં આ બધું ઊભું થાય છે. તારાં સ્વભાવથી કાંઈ થતું નથી.

અજ્ઞાનીને ભાન જ નથી કે હું ક્યાં છું! આ શરીર, પુત્ર, સ્ત્રી, પૈસા, આબરૂ આદિમાં પોતાનું અસ્તિત્વ માને છે. દીકરો ગોરો કેમ ન થયો! એમ થાય છે પણ આ આત્મા ગોરો—ચિદાનંદમૂર્તિ આનંદકંદ છે તે કેમ પ્રગટ ન થયો! એમ થતું નથી. આ બધું મોહની ભ્રમણાથી થયું છે પણ એ ભ્રમણા તું નથી પ્રભુ! ભ્રમણા એ 'તું' હોય તો ભ્રમણા કદી ટળે જ નહિ. ભ્રમણા એ મોહ જ છે. મોહ એટલે નિષ્ફળ...નિષ્ફળ... તેમાંથી આત્માનું કાંઈ ફળ આવતું નથી. વસ્તુ પોતે સફળ છે, કેમ કે અખંડાનંદ ચિદાનંદપ્રભુની દૃષ્ટિ કરતાં તો આનંદના ફળ પાકે છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, દુઃખસ્વરૂપ નથી. દુઃખ તો વિકૃતિ છે તે નિજભાવ નથી. અતીન્દ્રિય આનંદ એ નિજ સહજસ્વરૂપ છે. બહારથી આનંદ માને છે એ તો કલ્પના છે ખરેખર તો એ દુઃખ છે. અખંડાનંદ પ્રભુના ભાન વિના થયેલાં ભાવ તે સ્વભાવભાવ નથી, કર્મથી થયેલા ભાવ છે. અહીં તો બે દ્રવ્ય જ લઈ લીધા છે. એક તરફ શુદ્ધ જીવદ્રવ્ય છે અને બીજું કર્મ અને તેના આ બધાં વિકારાદિ ભાવ છે તે બધું જીવથી પર છે.

સ્વભાવના અજાણ મૂઢજીવે મિથ્યાત્વનો દારૂ પી લીધો છે તેનો નશો ચડયો છે એટલે પરને પોતાના માને છે 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એમ માને છે. ભાઈ! શરીર તો માટી છે તેમાં તો ઈયળો પણ પડશે અને એક દિવસ સ્મશાનમાં શરીરની રાખ પણ થઈ જશે અને આ ચિદાનંદ તો અનાદિ અનંત-શાશ્વત વસ્તુ છે.

અહો! આચાર્યની શૈલી! વીતરાગના તત્ત્વોને સિદ્ધ કરતાં કરતાં પાંચ ઇન્દ્રિય, મન, વિકાર અને ચાર ગતિના દુઃખની સિદ્ધિ કરશે. આવું વસ્તુનું સ્વરૂપ બીજે ક્યાંય ન હોઈ શકે.

ભગવાન આત્મા તો જેવા સિદ્ધ થઈ ગયા તેવો જ છે, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' પણ એને એની ખબર નથી અને જગતનો ખબરદાર થઈને ચાર ગતિમાં દોડયા કરે છે. દુનિયાના ડાહ્યાં દુનિયામાં ઊંડા ઉતરે છે અને રખડે છે. અહીં કહે છે કે આ ભગવાન આત્મા તો ઇન્દ્રિયોથી રહિત છે તો આ ઇન્દ્રિયો કોણ છે! ઇન્દ્રિયો

તો શુધ્ધાત્માથી રહિત છે. એ તો જડની બનેલી છે. દાળ, ભાત, શાકમાંથી બનેલા પાંચ કાંણાં છે, તે કાંઈ જાણતાં નથી.

આત્મસ્વરૂપનો અજાણ આ મૂઢ પૈસા થાય ત્યાં હરખાવા લાગે છે. મૂર્ખો, મૂર્ખાઈ ઠલવવા લાગ્યો છે. ઘરમાં અમારે દસ-દસ તો છોકરાં છે. હા, એ બધાં તને ઉપાડવા માટે જોશેને! ચાર બાજુ ચાર ઉપાડશે ને એક તો આગળ દોણી લઈને ચાલશે અને બીજા ઓ ઓ કરીને રોવા લાગશે.

ભગવાન! તું તો ઇન્દ્રિયથી રહિત છો. આ પાંચ ઇન્દ્રિયના કાણાં તારામાં નથી, તું તો તેનાથી રહિત છો ને પ્રભુ! પાંચ ઇન્દ્રિય તો ભગવાન શુદ્ધાત્માથી રહિત છે તેમ જ મન પણ શુદ્ધાત્માથી રહિત છે. શુદ્ધાત્માથી વિપરીત એવા અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પરૂપ મનથી આત્મા ભિન્ન છે. દયા, દાન, વ્રત, ભક્તિરૂપ શુભ વિકલ્પ અને હિંસા જૂઠ આદિ અશુભ વિકલ્પ તે બંને વિકાર છે તેનાથી રહિત એવો ભગવાના આત્મા શુદ્ધ છે.

આ તો આત્માની ભાગવત્ કથા ચાલે છે.

શુભ-અશુભવૃત્તિ ઉઠે છે તે આસ્રવ છે તેનાથી આત્મા ભિન્ન છે. મનનો સંગ કરે તેને સંકલ્પ-વિકલ્પ જ થાય અને આત્માનો સંગ કરે તો અંદરમાં સંકલ્પ-વિકલ્પ જ નથી. વસ્તુમાં સંકલ્પ-વિકલ્પ હોય તો તો કદી ટળે જ નહિ અને સિદ્ધ કદી થાય નહિ. ભાઈ! પહેલાં ઓળખાણ તો કર...કર...કંઈ તરફ જવું અને કયાંથી ખસવું તેની ઓળખાણ તો કર.

પહેલાં સામાન્ય રીતે કહીને પછી વિશેષરૂપે કહે છે. સંકલ્પ-વિકલ્પથી આત્મા રહિત છે એમ સામાન્ય વાત કરીને વિશેષરૂપે મનની વ્યાખ્યા કરી છે કે અનેક સંકલ્પ-વિકલ્પનો સમૂહ તે જ મન—આમ કરીને મનની સિદ્ધિ કરે છે. મન એ કોઈ ભ્રમણા નથી. 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' જેવી વાત નથી. જે છે તેનાથી રહિત થવાની વાત છે. જે છે જ નહિ તેનાથી રહિત થવાપણું કયાંથી રહે! મન છે પણ તે આત્માથી ઉત્પન્ન થયેલું નથી. વિકારથી એટલે કર્મથી ઉત્પન્ન થયેલું છે.

અહીં બધું લોજિક (ન્યાય)થી સિદ્ધ કરે છે. ઇન્દ્રિય અને મનની સિદ્ધિ કરી. હવે, વિભાવની સિદ્ધિ કરતાં કહે છે કે શુધ્ધ ભગવાન આત્માની અનુભૂતિ—નિર્મળદશાનો અનુભવ તે પર્યાય છે તેનાથી ભિન્ન જે રાગ-દ્વેષ મોહાદિ છે તે વિભાવ છે. તે બધાં આત્માથી ભિન્ન છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની શાંતિના અનુભવથી જે વિપરીત છે એવા રાગ-દ્વેષ અને મોહ આત્માથી ભિન્ન છે.

હવે, ચારગતિના દુઃખથી આત્મા ભિન્ન છે એ સિદ્ધ કરે છે. જુઓ! આ શેઠિયાઓ અને રાજાઓ બધાં દુઃખી છે એમ કહે છે.

શેઠજી :—પહેલાં તો દુઃખ લાગતું ન હતું, હવે લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હજી દુઃખ લાગ્યું નથી. શેઠ! શરીર ચાલતું નથી માટે દુઃખ લાગે છે પણ ખરેખર દુઃખ શું છે તેની ખબર નથી. શરીર સારૂં હોય, બે કરોડ રૂપિયા હોય, રાજકુમાર જેવા દીકરા હોય, એક એક દીકરો લાખ-લાખની પેદાશ લાવતો હોય તેના ઉપર લક્ષ જાય છે કે, 'આ ઠીક છે' એ જ મહા દુઃખનો ભાવ છે. જડના કામ તો જડથી થાય છે અને મફતના અભિમાન કરો છો એ દુઃખ છે. મોટરમાં બેસાડીને હું બધાંને લઈ જાઉં છું એમ માનો છો તે તે મિથ્યાત્વ છે. પગને તો ચલાવી શકતાં નથી અને મોટરને તમે ચલાવી શકો? જડની અવસ્થાનું થવું આત્માને આધીન છે જ નહિ. કેમ કે, જડ તે અજીવ તત્ત્વ છે અને ભગવાન આત્મા જીવ તત્ત્વ છે. એક તત્ત્વ બીજા તત્ત્વનો કાંઈ સુધારો-વધારો કરી જ ન શકે.

આ તો સર્વજ્ઞ વીતરાગના અજર પ્યાલા છે. પહેલાં સમજણ કરે કે, વસ્તુ આમ છે તો સમજણની રુચિ તરફ દોરાય, કેમ કે 'રુચિ અનુયાયી વીર્ય' પણ સમજણ જ સાચી ન હોય તો સ્વભાવની રુચિ શી રીતે થાય?

ભગવાન આત્માનું સ્વરૂપ તો વીતરાગ પરમાનંદ સુખરૂપ છે પણ તેના અનુભવમાં પણ વીતરાગ પરમાનંદ સુખરૂપ અમૃતદશા હોવી જોઈએ. તે સુખરૂપ દશા નથી તો તેનાથી પરાન્મુખ એવી ચાર ગતિના દુઃખની દુઃખરૂપ દશા છે. હું રાજા, હું રંક, હું મનુષ્ય એવી કલ્પનાની જાળથી દુઃખી થાય છે.

શ્રોતા :—એ જ રુચે છે-ગોઠે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. ગોઠયું હોય એ જ રુચે અને ત્યાં જ વીર્યનું વલણ જાય. જેની જરૂરિયાત જાણે ત્યાં તેનું વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. તત્ત્વને એણે કદી ઢંઢોળ્યું જ નથી.

અહો! ભગવાન રાગ વિનાનો વીતરાગ છે તેની પર્યાયમાં પણ વીતરાગ પરમાનંદ સુખરૂપ દશા થવી જોઈએ. જેવો છે તેવો જ પ્રવાહ આવવો જોઈએ. ગોળનો રવો તડકામાં ઓગળે તો તેમાંથી ગોળ પ્રવહે કે ઝેર પ્રવહતું હશે! તેમ ચૈતન્યગોળામાંથી અતીન્દ્રિય આનંદ ઝરવો જોઈએ કેમ કે એ તો એકલો અતીન્દ્રિય આનંદનો રવો છે, તેની દૃષ્ટિ કરે તો આનંદ જ ઝરે.

ચાર ગતિના જીવો એટલે કે દેવલોકના દેવ, નરકના નારકી, કીડી, કંથવો કે કુંજર અને રાજા કે રંક બધાંય જીવો દુઃખની દશામાં પડ્યાં છે. બે કરોડ રૂપિયા હોય કે પાંચ કરોડ હોય પણ એ સોજા છે. સોજાં પેટમાં ઉતરી જાય તો રાડ પડાવે તેમ આ રાડ પડાવનારા છે. ચારેય ગતિમાં અનુકૂળ–પ્રતિકૂળમાં ઠીક-અઠીકની કલ્પના કરતાં બધાં જીવો દુઃખી છે. મમતાથી જ જીવ દુઃખી છે. અહીં ગજના આંક જ બધાં જુદાં છે.

'મહાદુઃખદાયી દુઃખ' એવો શબ્દ વાપર્યો છે. ચાર ગતિમાં મહાદુઃખદાયી સંતાપ છે. તે સર્વ દુઃખ જીવના સ્વભાવથી ભિન્ન છે. તો તે ઉત્પન્ન કેવી રીતે થયા ?—કે, અશુદ્ધ નિશ્ચયનયથી આત્મજ્ઞાનના અભાવથી ઉપાર્જેલા કર્મો વડે ઉત્પન્ન થયાં છે. સ્વભાવના ભાન વિના વિકાર થાય છે અને વિકારથી કર્મ બંધાય છે અને કર્મથી આ ચાર ગતિના દુઃખ ઉપજે છે. માટે કહે છે કે, શુદ્ધ જ્ઞાનાનંદ નિજસ્વભાવનું જ્ઞાન કર ! એ સિવાય કદી દુઃખ મટે તેમ નથી.

[ ક્રમશઃ ]

## 卐 જ્ઞાયકદેવનો મહિમા કર 卐

અંદર ચૈતન્યસ્વભાવના ભાન વિના જીવે અનંત વાર દિગંબર મુનિવ્રત ધારણ કર્યાં, હજારો રાણીઓનો ત્યાગ કર્યો, પણ ભાઈ ! એ તો બધી રાગની ક્રિયા છે; આ ભગવાન જ્ઞાયક સાથે તેનું એકત્વ નથી, છતાં જીવે વિભાવ સાથે એકત્વ માન્યું છે. તે એકત્વ તોડવાનું છે, રાગની ક્રિયાથી ભિન્ન થઈ—અધિક થઈ નિજ જ્ઞાયકદેવના મહિમારૂપે અંતરથી પરિણમે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. અંદર જ્ઞાયકતત્ત્વનું યથાર્થ લક્ષ થયા વિના—અંતરમાં નિજ ચૈતન્યપ્રભુનો મહિમા આવ્યા વિના—સમવસરણમાં ત્રિલોકનાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનની મણિરતનના થાળ અને કલ્પવૃક્ષનાં ફળ વડે ભક્તિ અનંત વાર કરી, રત્નોના દીવડાથી ભગવાનની આરતી અનંત વાર ઉતારી, પણ તેથી શું ? જ્યાં સુધી શુભરાગનો મહિમા છે ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારમાં રઝળનાર પ્રાણી છે. શુભરાગરૂપ છોતરાંથી ભિન્ન અંદર જે ચૈતન્ય જ્ઞાયકદેવ છે તેમાં દૃષ્ટિ લગાવવાથી, તેનો અંતરથી મહિમા કરવાથી સમ્યગ્દર્શન વગેરે આત્મધર્મ પ્રગટ થાય છે; ચૈતન્યની અંતર્મુખ પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી ભવસમુદ્ર તરાય છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# ॐ ધરમનો પહેલો એકડો ॐ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૧ )

આ શ્રી નાટક સમયસારના જીવદ્વારના ૧૧મા શ્લોક ઉપરનું બારમું પદ્ય છે.

सद्‌गुरु कहै भव्यजीवनिसौं,
तोरहु तुरित मोहकी जेल।
समकितरूप गहौ अपनौ गुन,
करहु सुद्ध अनुभवकौ खेल।
पुद्‌गलपिंड भाव रागादिक,
इनसौं नहीं तुम्हारौ मेल।
ए जड प्रगट गुपत तुम चेतन,
जैसे भिन्न तोय अरु तेल॥ १२॥

અર્થ:—ભવ્ય જીવોને એટલે પાત્ર જીવોને સદ્‌ગુરુદેવ ઉપદેશ આપે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાંખો, સમ્યક્ત્વ ગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાઓ કારણ કે પુદ્‌ગલદ્રવ્ય અને રાગાદિભાવો સાથે તમારે કાંઈ સંબંધ નથી. તે સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની જેમ પુદ્‌ગલથી તમે જુદા છો.

સદ્‌ગુરુ કહે છે કે મોહના બંધનને તોડ પ્રભુ! રાગ-દ્વેષ અને વિકલ્પ એ મારાં છે એવો જે મોહભાવ તેને તોડ! ઉપદેશનું કથન છે એટલે 'મોહને તોડ!' એમ આવે પણ મૂળ તો સ્વભાવની સન્મુખ થતાં મોહ તૂટી જાય છે.

પુણ્ય-પાપ ભાવોની એકતાબુદ્ધિ એ મોહની જેલ છે. તેને શીઘ્ર તોડ—એમ કહ્યું છે. પહેલાં વ્યવહાર સુધારો પછી તેમાં આગળ વધીને મોહને તોડતાં જાઓ એમ ન કહ્યું. કેમ કે ધર્મની શરૂઆત થયાં પહેલાં જે શુભરાગ છે તે કાંઈ વ્યવહાર નથી. આત્માને શુભ ઉપયોગથી સહિત માનવો એ જ મોહની જેલ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પની એકતાબુદ્ધિ તે પણ મોહની જેલ છે. પરમાં સાવધાની તે જ મિથ્યાત્વભાવ છે.

અનાદિથી શરીરમાં, રાગમાં, વિકલ્પમાં મારાપણું કર્યું છે. પરમાં સાવધાની કરી છે એ જ મોહ છે. એ જ મિથ્યાત્વ છે અને તે જ અનંત સંસારનું બીજડું છે.

**तोरहु तुरित मोहकी जेल।** પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપની સન્મુખ થા અને રાગની એકતાની મિથ્યાત્વભાવનાને છોડી દે!

કોઈ એમ કહે છે કે જીવોને પહેલાં પ્રથમાનુયોગનો ઉપદેશ આપવો જોઈએ. પછી દ્રવ્યાનુયોગનો ઉપદેશ હોય. અરે ભાઈ! આ આયુષ્ય તો ચાલ્યું જાય તેની કોઈ મુદતની તો ખબર નથી. અકસ્માત દેહ છૂટી જાય તો જે કામ કરવાનું છે એ તો રહી જાય. અહીં તો આચાર્યદેવે કહ્યું કે મોહની જેલને શીઘ્ર તોડી નાંખો. પહેલાં આ વાંચો-ભણો પછી મોહ તોડો એમ નહિ, રાગની એકતા અનાદિથી કરી રાખી છે તેને શીઘ્ર તોડો.

આ તો જેને જન્મ-મરણના ફેરાથી છૂટવું હોય તેને માટે વાત છે, બચાવ કરવો હોય તેની વાત નથી.

'કરવું એ તો મરવું છે' રાગનું કરવું એ મારું કાર્ય એવી માન્યતા તો સમ્યગ્દર્શનનો નાશ કરે છે.

મોહનું બંધન એટલે મોહકર્મનું બંધન નહિ. અહીં તો મોહભાવનું બંધન તુરત તોડી નાંખ એમ કહે છે. 'સમય વર્તે સાવધાન!' કહે છે ને! એટલે સ્વરૂપની સ્વકાળની સાવધાનીમાં વર્ત—રાગની સાવધાનીરૂપ અશુદ્ધતાને છોડી દે. કન્યા પધરાવો સાવધાન! નહિ. મોક્ષકન્યાને પધરાવો. હાડકાં અને માંસના મંથનના મૈથુનમાં તું સુખ માને છે પ્રભુ! તને શું થયું છે! એમાં સુખ માને છે એ જ મિથ્યાત્વ છે.

જડની દરેક ક્રિયા સ્વતંત્ર થાય છે, એ કાંઈ તારાથી થતી નથી. તારાથી તો અજ્ઞાનભાવમાં તે ક્રિયાના રાગની એકતાબુદ્ધિ થાય છે તે મોહ છે. રાગની સાવધાની એ જ મિથ્યાત્વભાવ છે. એને એમ થાય છે કે હું દયા પાળુ છું પણ કોની દયા ભાઈ! પરની દયાના ભાવ એ તો વિકલ્પ છે-રાગ છે, વિભાવભાવ છે. તેની સાથેની એકતાબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. રાગ અને આત્માના સ્વભાવ વચ્ચે ભેદ છે, એકતા નથી. તેને એક માને છે એ જ મિથ્યાત્વ છે.

આનંદ, શાંતિ, સુખ, જ્ઞાનાદિ બધું આત્મામાં છે અને એ જ્યાં નથી ત્યાં તું નજર રાખીને બેઠો છો કે આમાંથી મને સુખ-શાંતિ મળી જશે. પોતાના ભગવાનની સામે પણ જોતો નથી. સ્વભાવમાં નજરબંધી કરતો નથી અને રાગમાં નજરબંધી કરીને બેઠો છે. રાગની સાથે એકતા કરી છે એ જ મહામોહ અને મહાબંધન છે.

ભગવાન તો રાગ રહિત શુદ્ધ ચૈતન્યઘનસ્વભાવી છે. તેમાં ઝૂકવાનું છે તેને બદલે જ્યાં ઝૂકવાનું નથી એવા રાગમાં એ ઝૂકી ગયો છે. માટે કહેવું પડે છે કે મોહને તોડ! રાગની એકતામાં ઝૂક્યો ન હોય તો એમ કહેવું ન પડે. ગમે તેટલા આંબેલ ને ઉપવાસ કરે પણ ઉપ નામ સ્વભાવની સમીપ વાસ ન કરે તે રાગની વાસનામાં જ વસેલો છે. સ્વભાવથી તો તે દૂર છે.

શરીરના ક્ષણના પણ ભરોસા નથી પ્રભુ! પહેલાં તારું હિત કરી લે.

ભગવાન તીર્થંકરદેવ કહે છે પ્રભુ! તું પરમાત્માની જાતનો છો, પરમાત્માના કુળનો છો. સિદ્ધની નાતનો થઈને તું રાગમાં રોકાય છે એ તને કલંક છે ભાઈ! આચાર્યદેવ અને જ્ઞાની સંતો પણ એ જ ઉપદેશ આપે છે. અનાદિથી જે કરતો આવ્યો છે તેને છોડી ને હવે આત્માનું કલ્યાણ કર!

અનાદિથી જડના કાર્ય તો તેં કદી કર્યા જ નથી. પણ જડના કાર્ય હું કરું છું એવી મિથ્યામાન્યતા કરી છે. એને એમ થાય કે જેવું નિમિત્ત હોય તેવું રજકણનું પરિણમન થાય છે. રજકણ પોતાની મેળે પરિણમતા હોય તો તો એકરૂપ પરિણમન કેમ ન થાય! માટે જે જાતનું નિમિત્ત હોય એ પ્રમાણે રજકણ પરિણમે છે પણ ભાઈ! રજકણનું પરિણમન એકરૂપ જ હોય એવું નથી. રજકણની અવસ્થા એકરૂપ હોય જ નહિ.

**समकितरूप गहो अपनो गुन ।** એટલે શ્રદ્ધા ગુણ તો ત્રિકાળ છે પણ વર્તમાન પર્યાયમાં તેને પકડો! વિભાવ અને રાગ તે કાંઈ પોતાનો ગુણ નથી—એટલે કે પોતાની પર્યાય નથી. રાગ તો જડની દશા છે. તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ અચેતન જડ છે. ભગવાન તો ચૈતન્યરસનો કંદ છે અને સમકિત એ તેનો ગુણ નામ પર્યાય છે તે પ્રગટ કરવી એ પહેલાં એકડાની વાત છે. એલ. એલ. બી.ની વાત નથી.

**करहु शुद्ध अनुभवको खेल ।** સમકિત ગ્રહણ કરીને શુદ્ધ અનુભવમાં મસ્ત થઈ જાઓ. રાગની મીઠાશનો અનુભવ કરે છો એ તો મિથ્યાત્વનો અનુભવ છે. હવે **करहू**—કહીને જ્ઞાયકનો ખેલ કરવાનું—મસ્તી કરવાનું કહે છે. બીજા સાથેની મસ્તી છોડીને સ્વભાવમાં મસ્તી કર ને! વ્હાલામાં વ્હાલી ચીજ તો તારી પોતાની છે. તેમાં ખેલ કર! રાગનો ખેલ તો અનાદિથી કરતો આવ્યો છો એ તો અધર્મનો ખેલ છે.

અમારે શું કરવું?—કે અનાદિનું રાગનું કરવું છોડીને સ્વભાવનો ખેલ કર! અનુભવનો ખેલ થતાં રાગની એકતાનો ખેલ સમાપ્ત થઈ જાય છે.

पुदगल पिंड भाव रागादिक इनसौं नहीं तुम्हारौ मेल । પુદ્‌ગલપિંડ જે શરીર, વાણી, મન આદિ તથા રાગાદિક ભાવ એ પણ ખરેખર પુદ્‌ગલ છે તેની સાથે જીવને કાંઈ સંબંધ નથી. કેમકે તું તો ચૈતન્ય જાગૃત સ્વભાવનો રસકંદ છો અને એ રાગાદિકભાવો તથા રજકણો તો અજાગૃત અને જડસ્વભાવી છે તે બેનો કયાંય મેળ ખાય તેવું નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે તેને પણ પોતાનો સ્વભાવ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જૈન પરમેશ્વર ત્રિલોકીનાથની વાણીની તેને ખબર જ નથી. ભગવાન કહે છે ચેતન અને અચેતનને કોઈ જાતનો સંબંધ નથી.

ए जड प्रगट गुपत तुम चेतन । શરીરથી માંડીને રાગાદિ પ્રગટ જડ છે. તે બધાંથી તું ભિન્ન, ચેતનસ્વરૂપ છો, વિકલ્પમાત્ર અચેતન છે, તેનાથી તને લાભ કેમ થાય? અરે! આ વાત સાંભળવા મળે નહિ, આમ ને આમ જિંદગી ચાલી જાય... અરે! એની દયા કોણ કરશે! એક આસને બેસીને ત્રીશ સામાયિક કરે તો પણ જડ અને ચેતનની ભિન્નતા જાણ્યા વિના તેનું હિત શી રીતે થાય?

જેમ તેલ અને પાણી ભિન્ન છે તેમ જડ અને ચેતન ભિન્ન છે. પુણ્યનો વિકલ્પ એ પણ પ્રગટ જડ છે કેમકે, ચૈતન્યપ્રકાશના જ્ઞાનનો એક અંશ પણ તેનામાં નથી. પ્રકાશ અને અંધારાને કયાંય મળે ન ખાય. પ્રકાશ અને અંધારું જુદું છે તેમ જ્ઞાન અને રાગ જુદાં છે. જ્ઞાન અને રાગ બંને છે પણ બંને એક નથી.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે અને દયા, દાન, રાગાદિ તો અચેતન છે તો એ ચેતન તથા અચેતનનો મેળ શી રીતે ખાય? બેનો એક બેલ ન હોઈ શકે.

મોટા મોટા મહંત નામ ધરાવનારા પણ મિથ્યાત્વમાં ગોથાં ખાય છે ને પોતે માનેલી મિથ્યા માન્યતા દુનિયાને પીરસે છે. જડની ક્રિયા અને ક્રિયાના વિકલ્પને જે ચૈતન્યભગવાન સાથે મેળવે છે તે મહા મિથ્યાત્વના અંધારાંમાં પડેલાં છે.

તારો ચૈતન્યસ્વભાવ રાગમાં આવ્યો નથી. ભાઈ! એ તો રાગથી ભિન્ન ગુપ્ત છે. તું તો અરૂપી ચૈતન્ય છો અને રાગ તો અચેતન છે, તારે અને તેને મેળ નથી. જેમ તેલ અને પાણી કદી મળતાં નથી, ભિન્ન જ રહે છે કેમ કે, તેલ ચીકાશવાળું છે અને પાણી સ્વચ્છ નિર્મળ છે. તેમ, ભગવાન ચૈતન્યપ્રકાશી આત્મા રાગથી તદ્દન ભિન્ન છે, ગુપ્ત છે. રાગ તો પ્રગટ છે, રૂપી છે અને અચેતન છે. ભગવાન આત્મા ગુપ્ત, અરૂપી અને ચેતન છે તે બંનેને તું જુદાં જાણ!

હવે બારમા કળશ ઉપરનું ૧૩મું પદ્ય કહે છે. તેમાં બનારસીદાસજી જ્ઞાનીના વિલાસનું વર્ણન કરે છે.

कोऊ बुद्धिवंत नर निरखै सरीर–घर,
भेद ज्ञानदृष्टिसौं विचारै वस्तु वासतौ।
अतीत अनागत वरतमान मोहरस,
भोग्यौ चिदानंद लखै बंधमैं विलासतौ॥
बंधको विदारी महा मोहकौ सुभाउ डारि,
आतमाकौ ध्यान करै देखै परगासतौ।
करम–कलंक–पंकरहित प्रगटरूप,
अचल अबाधित विलोकै देव सासतौ॥१३॥

દિવ્ય શક્તિનો ધરનાર દેવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિએ બિરાજે છે ભાઈ! એની તને ખબર નથી.

જગતના જીવો કોઈની પાસે કાંઈક ચમત્કાર જોઈને ત્યાં તો દેવ આવે છે એમ માનવા લાગે છે પણ ભાઈ! તું તો અનાદિ અનંત શાશ્વત દેવ છો તેની સામે તો જો!

કોઈ વિદ્વાન પુરુષ ભેદજ્ઞાનની દ્રષ્ટિથી શરીરરૂપી ઘર અને તેમાં રહેવાવાળા ચેતનને જુએ તો તેને શરીર અને આત્મા ભિન્ન જણાય. શાશ્વત ભગવાન આત્માનો વિચાર કરે તો પર્યાયમાં તે મોહથી રંગાઈ ગયેલો દેખાય છે. પરની એકતાબુદ્ધિથી રંગાઈ ગયો છે, કર્મોના બંધનમાં પડયો છે પણ કર્મ કે કોઈ પરદ્રવ્ય તેને રાગ કરાવતાં નથી—એમ પહેલાં નક્કી કરે છે. વર્તમાનમાં રાગમાં રમત કરે છે તે જીવની અશુદ્ધપર્યાય છે. તે પરદ્રવ્ય કે કર્મને લઈને અશુદ્ધ છે એમ નથી. મોહમાં પોતે જ રંગાયેલો છે. ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણેકાળમાં પોતે મોહથી રંગાયેલો અને કર્મથી બંધાયેલો છે.

ભગવાન ચિદાનંદ પ્રભુ રાગના રસમાં ભીંજાયેલો દેખાય છે. રાગમાં રમત કરે છે તે આત્મા નિશ્ચયથી અશુધ્ધ પર્યાયમાં છે. તેને કહે છે કે 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' હવે તારે ધર્મ કરવાનો કાળ આવી ગયો છે આતમરાજા! તને હવે આ રાગની રમત શોભતી નથી, તેને છોડી દે. અનાદિથી મોહના કૂવામાં પડયો છો હવે બહાર નીકળી જા! રાગ અને આત્મા વચ્ચે પ્રજ્ઞારૂપી છીણી માર! રાગ ને આત્માના બે કટકા થઈ જશે. આવી ભેદજ્ઞાનની ક્રિયા કરવી તે ક્રિયા છે.

અજ્ઞાનીને આ ભેદજ્ઞાનની ક્રિયાની સૂઝ પડતી નથી એટલે વ્રત, તપાદિ

બાહ્ય ક્રિયા કરીને રાગને સેવે છે અને ધર્મ થયો માને છે. ક્રિયામાં ધર્મ મનાવનારાં લૂટારાં એને મળ્યા છે અને પોતે લૂંટાય છે—હોંશથી. એમાં ફરિયાદ કોની પાસે કરવી ?

હવે જો પોતે જ સદ્‌ગુરુ ઉપદેશથી સમજીને મોહને છોડે અને અંતર ચૈતન્ય-સ્વભાવ તરફ ઝૂકી, ધ્યાનમાં આત્માને વિષય બનાવી અનુભવ કરે તો કર્મકલંક કીચડથી રહિત અચલ અબાધિત, શાશ્વત એવા પોતાના આત્મદેવનો પ્રકાશ પામે. મોહજાળમાં રાગની અને વિકલ્પની એકતા કરતો હતો તે હવે આત્મા તરફ ઝુકાવ કરે તો અનુભવમાં રાગથી ભિન્ન આત્માનો પ્રકાશ આવે આનું નામ સમકિત છે. તે જ ધર્મ છે.

અમને તો નાનપણમાં સંપ્રદાયમાં ચોપડી આપતાં. તેમાં લખેલું હોય કે અમને માનો તે સમકિત અને વ્રત પાળો તે ચારિત્ર. અરે! એ લૂંટાવાનો પંથ હતો, એ વીતરાગનો મારગ નહિ ભાઈ! વીતરાગનો મારગ એને કાને પડયો નથી. વીતરાગનો મારગ મળવો બહુ દુર્લભ છે. 'કમલ' ભક્તિમાં ગાય છે ને,

ચેતો જીવડા! માનવભવ દોહ્યલાં રે લાલ...
દોહ્યલી જો ને આતમ કેરી વાત...ચેતો જીવડા...
દુર્લભ દુર્લભ જૈન અવતાર, એની સાથે સદ્‌ગુરુ છાંયા દોહ્યલી રે લોલ.
સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યા રે લોલ
દોડ હાંકી ઝાંઝવા જળની કાંજ
અરે, સાચાં વારિ (પાણી) એને ના મળે રે લોલ.
એ! મનનાં મૃગલાને પાછાં વાળજો રે લોલ,
જોડી દ્યો આતમ સરોવરે આજ
એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ...

આવું ગીત જોડીને છોકરાએ લલકાર્યું હતું. મુંબઈમાં ઘાટકોમાં પાંચ છ જુવાનિયા વિચારક તૈયાર થયા છે અને છ ગાવાવાળા તૈયાર થયાં છે તેમાં આ છોકરો તો ગાયક સાથે વિચારક પણ છે.

અહીં કહે છે રાગની એકતાની જેલ તોડ! એનો વિલાસ મૂક અને નિજ ભગવાનના આનંદનો વિલાસ કર તો તને સમકિત થાય અને મોક્ષના બીજડાં ઊગે.

—✻—

(ક્રમશઃ)

## □ વૈરાગ્યજનની : બાર ભાવના □

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે શ્રાવકની બાર પડિમાનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ વિચારે છે. શ્રાવકના બાર ધર્મમાં સૌથી પહેલું સમ્યગ્દર્શન છે. પછી પાંચમાં ગુણસ્થાને અગિયાર પડિમા હોય છે, તેમાં બીજી પડિમાનું આ વર્ણન છે :—

एकं अपि व्रतं विमलं सद्दृष्टिः यदि करोति दृढचित्तः ।
तत् विविधर्द्धियुक्तं इन्द्रत्व प्राप्नोति नियमात् ॥ ३७० ॥

અર્થ:—જે સમ્યગ્દષ્ટિ જીવ, દૃઢચિત બની એક પણ વ્રત અતિચાર રહિત નિર્મળ પાલન કરે તો તે નાના પ્રકારની ઋદ્ધિઓથી યુક્ત ઇંદ્રપણાને નિયમથી પ્રાપ્ત થાય.

જેણે સાચા દેવ–શાસ્ત્ર–ગુરુને ઓળખ્યા છે, ને તે ઉપરાંત કર્મ વિકાર વગેરેથી ભેદજ્ઞાન થઈને સ્વભાવમાં અભેદજ્ઞાન થયું છે, શુદ્ધ સમ્યગ્દષ્ટિ થયો છે—એવા જીવને ચૈતન્યસ્વરૂપના ચિંતવનમાં વિશેષ એકાગ્રતાથી શુદ્ધતાં વધતાં વ્રત–પડિમા હોય છે. અજ્ઞાની તો પરની ક્રિયા હું કરું ને તેનાથી મને ધર્મ થાય–એમ માને છે એટલે તેને તો પર સાથેનું અભેદજ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે, ને પર સાથેનું ભેદજ્ઞાન થઈને આત્માની સાથે અભેદજ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. પહેલાં યથાર્થ વાતનાં શ્રવણ વગર તેનો ખ્યાલ ક્યાંથી આવે? તેની રુચિ ક્યાંથી થાય ને તેનું પરિણમન ક્યાંથી થાય? માટે યથાર્થ વસ્તુસ્વરૂપનું શ્રવણ કરીને તેનો નિર્ણય કરવો જોઈએ. હજી તો શરીરની અનુકૂળતા હોય તો મને લાભ થાય–એમ જે માને છે તેને તો સાચી દૃષ્ટિ જ નથી; જેને સતદૃષ્ટિ પ્રગટી છે એટલે કે પરથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માની દૃષ્ટિ થઈ છે—એવો સમ્યગ્દૃષ્ટિ જીવ વિશેષપણે ભેદજ્ઞાન કરીને સ્વમાં એકાગ્રતા કરતો જાય છે ત્યારે તેને વ્રત અને પડિમા હોય છે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વભાવની દૃઢતાની આ વાત છે. જેને હજી સમ્યગ્દર્શન જ નથી તેને તો વ્રત હોય જ નહિ.

શુદ્ધ આત્માની દૃષ્ટિ પૂર્વક તેમાં જ્ઞાનની દૃઢતા પૂર્વક જે ધર્મી જીવ એક પણ વ્રત નિર્મળપણે પાળે છે તે ઇન્દ્રિયપદ પામે છે. સ્વભાવના આશ્રયે એક વ્રત પાળે તો તેમાં બધાંય વ્રતો પણ ભેગાં જ આવી જાય છે. એક અંશે શુદ્ધતા પ્રગટી ને વીતરાગભાવ થયો તેટલા પ્રમાણમાં અહિંસા વગેરે બધા વ્રતો આવી જાય છે.

અહિંસા વ્રત હોય ને બીજા સત્યવ્રત વગેરે ન હોય એમ ન બને. કેમકે

અહિંસાવ્રતને યોગ્ય જે શુદ્ધતા પ્રગટી તે શુદ્ધતામાં બીજા વ્રતો પણ આવી જાય છે. એ રીતે એક વ્રતમાં બીજા બધાં વ્રતો આવી જાય છે એમ જાણવું.

ભાવાર્થ :—અહીં એક પણ વ્રત અતિચાર રહિત પાળવાનું ફળ ઇન્દ્રપણું નિયમથી કહ્યું ત્યાં એવો આશય જણાય છે કે સર્વ વ્રતોના પાલનના પરિણામ સમાન-જાતિના છે. જ્યાં એક વ્રત દ્રઢચિત્તથી પાલન કરે ત્યાં તેના અન્ય સમાનજાતિય વ્રતપાલનનું અવિનાભાવિપણું એટલે કે 'બધાંય વ્રત પાળ્યાં' કહે છે. વળી આમ પણ છે કે-જો એક ત્યાગની આખડીને અંતસમયે દ્રઢચિત્તથી પકડી તેમાં પરિણામ લીન થતાં પર્યાય છૂટે તો તે કાળમાં અન્ય ઉપયોગના અભાવથી મહાન ધર્મધ્યાન સહિત અન્ય ગતિમાં ગમન થાય તો ઉચ્ચગતિમાં જ થાય એવો નિયમ છે એવા આશયથી એક વ્રતનું એવું માહાત્મ્ય કહ્યું છે પણ અહીં એમ ન જાણવું કે એક વ્રત તો પાલન કરે અને અન્ય પાપ સેવ્યા કરે તો તેનું પણ ઉચ્ચફળ થાય છે. એ પ્રમાણે તો ચોરી છોડે અને પરસ્ત્રી સેવ્યા કરે, હિંસાદિ કર્યા કરે તેનું પણ ઉચ્ચફળ થાય, પરંતુ એમ નથી. એ પ્રમાણે બીજી વ્રતપડિમાનું નિરુપણ કર્યું. બાર ભેદોની અપેક્ષાએ આ ત્રીજો ભેદ થયો.

ચૈતન્યમૂર્તિ સ્વભાવના ભાન સહિત જેટલા પ્રમાણમાં ઉપયોગ સ્વમાં જામે છે તેટલા પ્રમાણમાં બધાં વ્રત આવી જાય છે. ચૈતન્યમાં લીનતા વખતે શુભ પરિણામ એવી ઊંચી જાતના જ હોય છે કે ઇન્દ્રાદિ પદવીને જ પામે છે. આથી વ્રતનો મહિમા બતાવ્યો છે. જ્યાં ચૈતન્યમાં અંશે લીનતા થઈને પંચમ ગુણસ્થાનની શુદ્ધતા પ્રગટી ત્યાં સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ તે ઊંચો થયો. આ પ્રમાણે શ્રાવકના ધર્મોનું બાર ભેદોનું વર્ણન કર્યું. પહેલું સમ્યગ્દર્શન, પછી દર્શનપડિમા અને આ વ્રતપડિમા તે ત્રીજો ભેદ છે.

## શ્રાવકના સામાયિક ધર્મનું વર્ણન

હવે ત્રીજી સામાયિક પડિમાનું વર્ણન કરે છે—

यः करोति कायोत्सर्गं द्वादशावर्त्तसंयुतः धीरः ।
नमनद्विकं अपि कुर्वन् चतुःप्रणामः प्रसन्नात्मा ॥ ३७१ ॥
चिन्तयन् स्वस्वरूपं जिनबिम्बं अथवा अक्षरं परमम् ।
ध्यायति कर्मविपाकं तस्य व्रतं भवति सामायिकम् ॥ ३७२ ॥

અર્થ :—જે સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક આવર્તસહિત, ચાર પ્રણામ સહિત બે નમસ્કાર કરતો થકો પ્રસન્ન છે આત્મા જેનો એવો ધીર દ્રઢચિત્ત બનીને કાયોત્સર્ગ કરે છે અને ત્યાં પોતાના ચૈતન્ય માત્ર શુદ્ધસ્વરૂપને ધ્યાવતો ચિંતવતો રહે છે વા જિનબિંબને

ચિંતવતો રહે છે વા પરમેષ્ઠી વાચક પાંચ નમોકારને ચિંતવતો રહે છે વા કર્મોદયના રસની જાતિને ચિંતવતો રહે છે તેને સામાયિક વ્રત હોય છે.

જુઓ, આ સામાયિક સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને પાંચમાં ગુણસ્થાને હોય છે. આ સામાયિક તે તો શ્રાવકનો ચોથો ધર્મ છે. હજી જેને સમ્યગ્દર્શનનું ઠેકાણું નથી, કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની માન્યતા પણ છૂટી નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવને સામાયિક હોય નહીં. જેને કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની માન્યતા છૂટી ગઈ છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખ્યા છે, ને અંતરમાં ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિપૂર્વક તેમાં અંશે એકાગ્રતા થઈ છે તેને સામાયિક ધર્મ હોય છે. હજી તો કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુના સેવનરૂપ ગૃહિત મિથ્યાત્વનો પણ જેને ત્યાગ નથી, તે જીવ "રાગથી ધર્મ ન થાય" એવા અગૃહીત મિથ્યાત્વના ત્યાગની વાત કયાંથી લાવ્યો? તે તો અક્કલ વગરની કોઈકની નકલ કરે છે, પણ પરમાર્થ માર્ગમાં તે ચાલે નહીં; પહેલાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ જેને ભાન નથી તેને આત્માનું ભાન હોય નહિ. હજી તો સ્ત્રીને તીર્થંકર માને, માલ્લકુમાર તીર્થંકરને સ્ત્રી મનાવે, હાથીના ભવમાં મિથ્યાદૃષ્ટિ સહિત દયા પાળવાથી પરિત સંસાર થવાનું મનાવે, એવા દેવ-ગુરુ-શાસ્ત્રને જે માને તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એવા જીવને સમ્યગ્દર્શન પણ ન હોય, તો પછી શ્રાવકની સામાયિક તો કયાંથી હોય? સામાયિકવાળા જીવની પાત્રતા કેવી હોય? કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે ને તેમણે કહેલાં શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખીને, અંતરની પ્રસન્નતાપૂર્વક તેમાં અંશે એકાગ્રતા પ્રગટી હોય તેને જ સામાયિક હોય છે.

કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને છોડયા વગર ભેદજ્ઞાનની વાત કરે તે તો એકડાં વગરનાં મીંડાં મૂકવા જેવું છે. અહો! સમ્યગ્દૃષ્ટિનો આત્મા પ્રસન્ન છે, બહારમાં શરીર, મન, વાણી, સ્ત્રી, લક્ષ્મી વગેરેથી તે પ્રસન્નતા માનતો નથી. પણ ચિદાનંદ સ્વભાવના અસંખ્ય પ્રદેશે અનાકુળ શાંતિના ફૂવારા છૂટયા છે. તેથી તેને પ્રસન્નતા છે ને એવા પ્રસન્નાત્માને સામાયિક હોય છે. વળી તે આત્મા ધીર-ગંભીર છે; અને જ્ઞાન સ્વરૂપમાં લીન થઈને કાયાથી ઉપેક્ષિત થઈને સામાયિક કરે છે. તે સામાયિકના કાળે તો તે શ્રાવક મુનિ જેવો છે. કેમકે ત્યાં પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપના ચિંતવન સિવાય કોઈ ઉપાધિ નથી. હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું કોઈ મને રોકનાર નથી. એમ અંદરમાં ચૈતન્યબિંબ થઈને ઠરી જવાનો પ્રયત્ન કરે છે અને ન ઠરી શકાય ત્યારે જિનબિંબને ચિંતવે છે. જેવા વીતરાગ જિન હોય તેવું જ તેમનું બિંબ પણ વીતરાગ વસ્ત્ર-શસ્ત્ર-રહિત હોય એવા અક્રિય ચૈતન્યબિંબને ચિંતવે છે. અહો! જિનબિમ્બમાં વિકલ્પ નથી, તેમ ચિંતવતા પોતે પોતાના ચૈતન્યબિંબમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે.

આનું નામ સામાયિક છે. જુઓ, હજી મુનિદશા થઈ નથી પણ અંતરમાં તે મુનિદશા માટેની તૈયારીનો અભ્યાસ કરે છે. વળી ક્યારેક પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ચિંતવન કરે છે. જુઓ, પહેલાં પંચપરમેષ્ઠીને બરાબર ઓળખ્યા છે, સ્વરૂપને ઓળખ્યા વગર ચિંતવન કોનું કરે? મુનિ કેવા હોય, અરિહંત કેવા હોય, તેનું જેને ભાન નથી તે જીવ ખરેખર પંચપરમેષ્ઠીને નથી નમતો, પણ રાગને નમે છે. **णमो लोए सव्व साहूणं** એમ બોલે પણ વસ્ત્ર, પાત્રવાળા મુનિ માનતો હોય તો તેણે ખરેખર મુનિને નમસ્કાર કર્યા જ નથી, કેમકે મુનિ કેવા હોય તેનું જ તેને ભાન નથી. અહીં તો એનાથી આઘી વાત છે. કુદેવાદિની માન્યતામાં તો મિથ્યાત્વનો મોટો અધર્મ છે. તે પણ જેને છૂટ્યો નથી. તેને આ સામાયિક ધર્મની તો ગંધ પણ શેની હોય!

પહેલાં બીજી પડિમાવાળાને શિક્ષાવ્રતમાં સામાયિકનું વર્ણન કર્યું હતું પણ તેમાં હજી અતિચાર સહિત સામાયિક હતી ને આ ત્રીજી પડિમાવાળો શ્રાવક તો સામાયિક વ્રતમાં અતિચાર પણ લાગવા દેતો નથી, એટલી વિશેષ શુદ્ધતા તેને થઈ છે. તે સામાયિકમાં ક્યારેક સર્વજ્ઞદેવને ચિંતવે છે.

સર્વજ્ઞના વિરહમાં ધર્મીજીવ સર્વજ્ઞનું ચિંતવન કરે છે. અહો! નાથ સાક્ષાત્ ભગવાનનો અત્યારે વિરહ છે. એટલે અંતરમાં તેમને યાદ કરીને ચિંતવન કરે છે અને જિનબિમ્બને ચિંતવે છે. સાક્ષાત્ જિન કેવા હોય તેનું ભાન છે અને તેને યાદ કરીને જિનબિમ્બમાં તેને સ્થાપે છે તથા તેમનું ધ્યાન કરે છે; એમાં પોતે પોતાના અક્રિય ચૈતન્યબિમ્બના ધ્યાનમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે. સામાયિક પડિમાવાળો સામાયિકમાં જ્યારે બેઠો હોય ત્યારે ગમે તેવા ઘોર ઉપસર્ગ આવે, સિંહ આવીને ખાઈ જતા હોય તોપણ સામાયિકથી ચ્યુત થતો નથી. દેવ આવીને ઉપસર્ગ કરે, મકાન બાળી નાખે પુત્રને મારી નાખે, શરીરને સિંહ ખાઈ જાય તોપણ ચૈતન્યની શાંતિરૂપ સામાયિકથી તે ચ્યૂત થતો નથી. અંતરમાં તેને એવો જ વીતરાગભાવ થઈ ગયો છે કે તે પ્રકારનો રાગ આવતો નથી. શ્રાવકનો આવો સામાયિક ધર્મ છે.

## શ્રાવકનો પૌષધ ધર્મ

જુઓ, ધર્મી શ્રાવક લગભગ આઠ આઠ દિવસે અંતરમાં ચિદાનંદસ્વભાવમાં વિશેષ એકાગ્રતાનો પ્રયોગ કરે છે, આહારાદિ છોડી સ્વરૂપમાં એકાગ્રતાનો અખતરો કરે તેનું નામ પૌષધ પડિમા છે. પૌષધ કરીને બેઠો હોય ને દિવસે છહ છહ કલાક સુઈ રહે—એવું પૌષધનું સ્વરૂપ નથી. અહીં તો ચિદાનંદસ્વરૂપમાં જાગૃતિ વધી ગઈ છે ને અંદર વીતરાતાનો અંશ વધી ગયો છે એવો જીવ તિથિના દિવસે પૌષધ ઉપવાસ કરે છે તેને આ ચોથી પડિમા હોય છે. તેનું વર્ણન કરે છે.

सप्तमीत्रयोदशीदिवसे अपराह्ने गत्वा जिनभवने ।
क्रियाकर्म कृत्वा उपवासं चतुर्विधं गृहीत्वा ॥ ३७३ ॥
गृहव्यापारं त्यक्त्वा रात्रिं गमयित्वा धर्मचिन्तया ।
प्रत्यूषे उत्थाय क्रियाकर्म च कृत्वा ॥ ३७४ ॥
शास्त्राभ्यासेन पुनः दिवसं गमयित्वा वन्दनां कृत्वा ।
रात्रिं नीत्वा तथा प्रत्यूषे वन्दनां कृत्वा ॥ ३७५ ॥
पूजनविधिं च कृत्वा पात्रं गृहीत्वा नवरि त्रिविधं अपि ।
भोजयित्वा पात्रं भुंजानः प्रोषधः भवति ॥ ३७६ ॥

અર્થ:—અવિકાર આત્માનું ભાન તો નિરંતર છે તેમાં વિશેષપણે શુદ્ધ સ્વભાવનું અવલંબન કરી, જ્ઞાન, ધ્યાન વૈરાગ્યની જાગૃતિ વધારવાનો પ્રયોગ કરે છે. ત્યાં સાતમ તેરસના દિવસે બે પહોર પછી જિન ચૈત્યાલયમાં જઈ સામાયિકાદિ કરે છે. જિન પ્રતિમા કેવી હોય છે?–કે અક્રિયબિંબ પરમ પ્રસન્નતાથી પૂર્ણ શાંત વીતરાગમૂર્તિ નિર્લેપ નિર્વિકારમુદ્રા હોય છે. આત્માનું અસલી મૂળ શાંત અક્રિય સ્વરૂપ જોવામાં આદર્શ સમાન છે. ધ્યાનનું કારણ વીતરાગતાનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેને પૂર્ણ સ્વરૂપનાં સ્મરણનું કારણ છે. અનાદિથી જિન પ્રતિમા છે. જ્ઞાની પણ વીતરાગદેવની પ્રતિમાના દર્શન, વંદન, પૂજા, ભક્તિ કરે છે કેમકે તેમાં વીતરાગતાનું બહુમાન છે.

શ્રાવકને નિર્મળ ભેદજ્ઞાન તો છે. વિશેષ ભેદજ્ઞાનથી એકાગ્રતા કરે છે. ચૈત્યાલય અથવા એકાંત શાંત સ્થળે જઈ સાયંકાળમાં સામાયિકાદિ કરી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી ઉપવાસ ગ્રહણ કરે. ઘરનો સર્વ વ્યાપાર તજી ધર્મધ્યાનપૂર્વક સાતમ અને તેરસની રાત્રિ વ્યતીત કરે; આઠમ અને ચૌદસની સવારે સામાયિક ક્રિયા કરી તે દિવસ શાસ્ત્રાભ્યાસાદિ કરી ધર્મધ્યાનમાં વિતાવે. સાયંકાળે સામાયિકાદિ ક્રિયા કરી રાત્રિ પણ એ જ પ્રમાણે ધર્મધ્યાનમાં ગાળે. નોમ અને પૂનમની સવારે સામાયિક વંદનાદિ કરી જિનપૂજન વિધાન કરી, ત્રણ પ્રકારના પાત્રોનું સન્માન કરી, આદરપૂર્વક ભોજન કરાવી પછી પોતે ભોજન કરે. તેને પ્રૌષધ પ્રતિમા હોય છે.

ધર્માત્મા ગૃહસ્થદશામાં વારંવાર ભાવના કરે કે અહો! ક્યારે નગ્ન દિગંબર વીતરાગી મુનિ થઈએ! ચારિત્રની નબળાઈ તજી એકાંત આત્મશાંતિમાં ક્યારે ઝૂલીએ! એમ ક્રમે ક્રમે રાગનો અભાવ કરી જ્ઞાન શાંતિમાં સ્થિરતા વધાર્યા કરે છે. ત્રણે કાળે શ્રાવકપદ આવું હોય છે. [ ક્રમશઃ ] *

* અપૂર્વ શાંતિનો ઉપાય દર્શાવનારા *

આધ્યાત્મિક પ્રકાશન

# સૂચિ–પત્ર

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| **મૂળ શાસ્ત્ર** | |
| શ્રી સમયસાર | ૩૦–૦૦ |
| ,, પ્રવચનસાર | ૧૫–૦૦ |
| ,, प्रवचनसार | प्रेसमें |
| ,, નિયમસાર | ૯–૦૦ |
| ,, नियमसार | ३०–०० |
| ,, पंचास्तिकायसंग्रह | २०–०० |
| ,, પંચાસ્તિકાયસંગ્રહ | ૯–૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧–૨૫ |
| ,, યોગસાર પ્રાભૃત | ૮–૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦–૦૦ |
| ,, પદ્મનંદિ-પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | ६–५० |
| ,, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા | ૧૫–૦૦ |
| ,, ઇષ્ટોપદેશ | ૭–૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫–૫૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | ५–०० |
| ,, પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૫–૦૦ |
| ,, સમયસાર–કલશ | ૭–૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦–૦૦ |
| ,, नाटक समयसार | ७–०० |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૪–૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | ७–०० |
| ,, ચિદ્વિલાસ | ૧–૭૫ |
| ,, અનુભવપ્રકાશ | ૨–૦૦ |
| ,, સત્તાસ્વરૂપ | ૨–૫૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી सत्तास्वरूप | २–५० |
| ,, પંચાધ્યાયી | ૪૦–૦૦ |
| શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક | પ્રેસમાં |
| ,, છહઢાળા | ૩–૫૦ |
| ,, छहढाला | प्रेसमें |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૪–૦૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩–૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | ३–०० |
| ,, बहिनश्रीके वचनामृत मराठी | ३–०० |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪–૫૦ |
| ,, द्रव्यदृष्टि प्रकाश | १५–०० |
| ,, આલોચના | ૧–૦૦ |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩–૦૦ |
| ,, સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી | ૩–૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (૫ અધ્યાયવાળી) | ૩–૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका ,, | ३–०० |
| ,, સમયસાર હરિગીત | ૧–૦૦ |
| ,, પ્રવચનસાર હરિગીત | ૧–૦૦ |
| ,, અષ્ટપ્રાભૃત (હરિગીત) | ૧–૦૦ |
| ,, નિયમસાર હરિગીત | ૦–૫૦ |
| ,, समाधितन्त्र (गुटको) | ०–५५ |
| **પ્રવચન સાહિત્ય** | |
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ–૨ | ૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૬–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૭–૫૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ–૫ | ૮–૦૦ |
| ,, ,, ,, ભાગ–૬ | ૭–૦૦ |
| ,, ,, ,, ભાગ–૭ | ૮–૦૦ |
| ,, ,, ,, ભાગ–૮ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૯ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૦ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૧ | ૧૪–૦૦ |
| ,, પ્રવચન રત્નચિંતામણિ ભાગ ૧ | ૨૫–૦૦ |
| ,, સમયસાર પ્રવચન ભાગ–૧/૨ | પ્રેસમાં |
| ,, ,, ,, ભાગ–૩ | પ્રેસમાં |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૫ | ૧૫–૦૦ |
| ,, समयसार प्रवचन भाग–२ | ७–०० |
| ,, ,, ,, भाग–३ | ७–०० |
| ,, ,, ,, भाग–४ | ८–०० |
| ,, ઇષ્ટોપદેશ પ્રવચન | ૯–૦૦ |
| ,, આત્મભાવના ( સમાધિતંત્ર પર પ્રવચનો ) | ૫–૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧–૨૫ |
| ,, परमागमसार | प्रेसमें |
| ,, વચનામૃત–પ્રવચન ભાગ–૧ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૨ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૨–૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૧૫–૦૦ |
| ,, પ્રવચન પીયૂષ | ૮–૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭–૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૫–૦૦ |
| ,, રત્નકરંડશ્રાવકાચાર | ૧૨–૦૦ |
| ,, सम्यग्ज्ञान दीपिका | १३–०० |
| ,, સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧૩–૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી અધ્યાત્મસંદેશ | ૫–૫૦ |
| ,, ધર્મની ક્રિયા | પ્રેસમાં |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬–૦૦ |
| ,, वस्तुविज्ञानसार | ८–०० |
| ,, વીતરાગ–વિજ્ઞાન ( છ ઢાળા પ્રવચન ) ભાગ–૧ | ૧–૨૫ |
| ,, ,, ,, ભાગ–૨ | ૧–૫૦ |
| ,, ( છ ઢાળા પ્રવચન ) ભાગ–૪ | ૨–૨૫ |
| ,, મૂળમાં ભૂલ | ૪–૦૦ |
| ,, ,, ,, ( हिन्दी ) | ८–०० |
| ,, દશલક્ષણધર્મ | ૬–૦૦ |
| श्री वीतराग–विज्ञान ( छ ढाला प्रवचन ) भाग–१ | २–७५ |
| ,, ,, ,, २ | १–७५ |
| ,, वीतराग–विज्ञान ( छ ढाला प्रवचन ) भाग–३ | ३–०० |
| ,, धन्यावतार | २–०० |
| ,, ધન્યાવતાર | ૨–૦૦ |
| ,, वीतराग विज्ञान १ से ४ | १–०० |

## પૂજા ભક્તિ સ્વાધ્યાય

| | |
|---|---|
| શ્રી જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૨–૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | પ્રેસમાં |
| ,, दशलक्षण विधानपूजा | प्रेसमें |
| ,, विधान–पूजा संग्रह | प्रेसमें |
| ,, सिद्धचक्र विधान पूजा | १०–०० |
| ,, નંદીશ્વરભજન–પૂજન સંગ્રહ | ૯–૦૦ |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૯–૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | ૧–૦૦ |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૭–૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી શાસ્ત્રસ્વાધ્યાય | ૫-૦૦ |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | ५-०० |
| ,, મહાવીર ભજન પૂજન સંગ્રહ | ૫-૦૦ |
| ,, જિન-વસુનામ પૂજા | ૨૦-૦૦ |
| **અન્ય** | |
| શ્રી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૨૫-૦૦ |
| ,, આત્મધર્મ જન્મશતાબ્દિ વિશેષાંક | ૧૦-૦૦ |
| ,, आत्मधर्म जन्म शताब्दि विशेषांक | १०-०० |
| ,, પૂજ્ય બેનશ્રીની સાધના અને વાણી | ૧૫-૦૦ |
| ,, દ્વાદશ-અનુપ્રેક્ષા | ૨-૦૦ |
| ,, તત્ત્વાનુશીલન | ૨-૦૦ |
| શ્રી પૂજ્ય સોગાનીજીનાં આધ્યાત્મિક પત્રો | ૨-૦૦ |
| શ્રી જ્ઞાનામૃત | ૨-૦૦ |
| ,, ज्ञानामृत | २-०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩-૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨-૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १-०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩-૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३-०० |
| ,, ભગવાન આત્મા | ૩-૦૦ |
| ,, विधि-विज्ञान | ३-०० |
| ,, પ્રતિક્રમણ | ૬-૦૦ |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-२ | १-५० |
| ,, ,, ,, भाग-३ | १-४० |
| ,, શોર્ટ રીડર (English) | પ્રેસમાં |
| ,, જૈન બાળપોથી ભાગ-૧ | ૩-૦૦ |
| ,, ,, ,, ભાગ-૨ | ૨-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી जैन बालपोथी भाग-१ | १-५० |
| ,, जैन बालपोथी भाग-२ | २-०० |
| ,, જૈન પ્રાયમર (અંગ્રેજી) | ૫-૦૦ |
| ,, મહારાણી ચેલણા | ૧-૦૦ |
| ,, અધ્યાત્મ યુગપુરુષ શ્રી કાનજીસ્વામી | ૨-૦૦ |
| ,, अध्यात्म युगपुरुष श्रीकानजीस्वामी | २-०० |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | ૧-૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦-૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०-५० |
| ,, આરાધના | ૦-૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |
| ,, પથ પ્રકાશ | ૩-૦૦ |
| ,, પરિચય પુસ્તિકા | ૧-૦૦ |
| ,, परिचय पुस्तिका | १-०० |
| ,, પરિચય પુસ્તિકા (English) | ૧-૦૦ |
| ,, પરમ પૂજ્ય શ્રી કાનજી સ્વામીનું જીવન અને સંદેશ (English) | ૨-૨૫ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩-૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩-૦૦ |
| ,, જિન શાસન સત્વં | ૮-૦૦ |
| ,, जिनशासनसत्वं | ८-०० |
| ,, प्रयोजन सिद्धि | २-०० |
| **માઉન્ટવાળા ફોટા** | |
| ૧૪" × ૧૯" મોટી સાઈઝ કલર | ૨૧-૦૦ |
| ,, ,, બ્લેક | ૧૨-૦૦ |
| ૧૦" × ૧૨" મીડીયમ બ્લેક | ૭-૦૦ |
| (પાસપોર્ટ સાઈઝ) ફોટા | ૧-૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦-૦૦ |
| નિત્યદર્શન | ૪-૦૦ |
| તીર્થધામ સોનગઢ (કેલેન્ડર) | ૭-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫-૦૦ |
| સ્ટીકર | ૧-૦૦ |
| ટાઇલ્સ (ગુરુદેવશ્રીનાં ચરણ ચિહ્ન) | ૧૦-૦૦ |
| ,, (ગુરુદેવશ્રીનાં ફોટા) | ૭-૦૦ |
| મેગ્નેટ | ૭-૦૦ |
| આરતી | ૧૩૦-૦૦ |
| કીચેન | ૩-૦૦ |
| લેમીનેશન ફોટા | |
| ૮" × ૧૦" | ૫૦-૦૦ |
| ૧૬" × ૨૦" | ૩૨૫-૦૦ |
| ૯" × ૧૪" | ૧૭૫-૦૦ |
| ૧૨ × ૧૫" | ૧૨૫-૦૦ |

પુસ્તકોમાં ૧૦% કમીશન શ્રી કળાવંતીબેન હસમુખલાલ વોરા મુંબઈ તરફથી આપવામાં આવે છે.

પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રવચનો પ્રગટ કરતું આધ્યાત્મિક માસિ

* આત્મધર્મ : ગુજરાતી તથા હિન્દી
વાર્ષિક લવાજમ :
ગુજરાતી રૂ. ૯-૦૦
હિન્દી રૂ. ૯-૦૦
આજીવન લવાજમ :
ગુજરાતી રૂ. ૧૦૧-૦૦
હિન્દી રૂ. ૧૦૧-૦૦

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્ર
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

## 卐 હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું 卐

* અરેરે! જગતના જીવોને મરીને કયાં જવું છે? અનાદિ કાળથી રખડતો અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં—તીર્થયાત્રા, વ્રત, ઉપવાસ, મંદિર, ભગવાનની ભક્તિ વિગેરેમાં—ધર્મ માની રહ્યો છે; પણ ભાઈ! તેમાં તો ધૂળેય ધર્મ નથી; અરે! ધર્મ તો નથી, પણ અંદર પુણ્યનો પ્રેમ—રાગનો રાગ—હોવાથી તેમાં પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. અહા! આકરી વાત છે ભાઈ! જ્ઞાન, દર્શન, શાંતિ, સુખ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણશક્તિથી ભરપૂર પોતાના ચૈતન્યલોકનો—નિજ જ્ઞાયક સત્ત્વનો—અંતરમાં દેહની તેમ જ રાગની ક્રિયાથી ભિન્ન અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; બાકી બધું થોથાં છે. તેથી એમ કહ્યું છે કે પર ને વિભાવ સાથે અનાદિથી જે એકત્વ મનાઈ ગયું છે તેમાંથી 'પર ને વિભાવ રહિત હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ શ્રદ્ધા-જ્ઞાનમાં જુદું પડવાનું છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

[ તા. ૩-૧૦-૯૩ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી અષ્ટપાહુડ ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* દશલક્ષણ પર્યુષણપર્વ : ભાદરવા સુદ ૫, સોમવાર, તા. ૨૦-૯-૯૩થી ભાદરવા સુદ ૧૪, બુધવાર. તા. ૨૯-૯-૯૩ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણ પર્વ' દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મ-મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો આવ્યા હતા. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવ્યો હતો.

દશલક્ષણ વિધાન પ્રસંગે કાયમી મંડલ વિધાન—

(૧) સ્વ. દેવજીભાઈ રાયશીભાઈના સ્મરણાર્થે હસ્તે, દેવકુંવરબેન દેવશીભાઈ તથા પરિવાર, લંડન

(૨) શ્રી અનોપચંદભાઈ મૂળજીભાઈ ખારા પરિવાર, રાંચી

(૩) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર મુંબઈ

(૪) શ્રી કળાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ

(૫) શ્રી નવલચંદભાઈ જગજીવનભાઈ શાહ હ. મુક્તાબેન, સોનગઢ

(૬) સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ મોરબીવાળા સોનગઢ

પ્રાસંગિક મંડલ વિધાન :—

(૧) ગંગાબેન પ્રેમચંદભાઈ શાહ
હસ્તે સજની અને કરણ, નાઈરોબી

* ઉત્તમ ક્ષમાવણીપર્વ : ભાદરવા વદ ૧, શુક્રવાર, તા. ૧-૧૦-૯૩ના રોજ પૂજાભક્તિ અને સમૂહ-ક્ષમાવણી પૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવ્યો હતો. બહારગામથી ઘણા મહેમાનો ક્ષમાપનાર્થે આવેલા. આ પ્રસંગે શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ, લંડન તરફથી (કાયમી) સ્વામી વાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

સુપ્રભાતદિન : નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, રવિવાર તા. ૧૪-૧૧-૯૩ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

કાર્તિકી નંદીશ્વર-અષ્ટાહ્નિકા : શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૧-૧૧-૯૩, રવિવાર થી તા. ૨૯-૧૧-૯૩, સોમવાર—૯ દિવસ સુધી શ્રી પંચમેરુ નંદીશ્વર વિધાનપૂજા તેમ જ ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક નંદીશ્વર-અષ્ટાહ્નિકા ઉજવવામાં આવશે.

આ પ્રસંગે કાયમી વિધાન પૂજા :-

૧. શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી હા. બ્ર શારદાબેન, રાજકોટ

૨. શ્રી દેવશીભાઈ રામજીભાઈ તથા ચંચળબેન દેવશીભાઈ કોઠારી, સોનગઢ

૩. શ્રી ચંચળબેન ગોરધનદાસ શાહ, મુંબઈ

૪. સ્વ. શ્રી શિવકુંવરબેન ન્યાલચંદભાઈ મોદી, હા. શ્રી રમણીકલાલ મોદી તથા ભાઈઓ, રાજકોટ

—તરફથી રાખવામાં આવશે.

—૦—

## 卐 આત્મા પોતે જ પરમાત્મા છે 卐

* સમ્યગ્દર્શન કે જે ધર્મનું પ્રથમ સોપાન છે, પહેલું પગથિયું છે, તેનો વિષય નિર્મળ પર્યાય પણ નથી; તેનો વિષય ટંકોત્કીર્ણ આનંદઘન ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક પરમાત્મા છે. '**अप्पा सो परमप्पा**'—આત્મા પોતે જ પરમાત્મા છે. ભાઈ! તું જે છો તે જ છો, આનંદકંદ છો, સચ્ચિદાનંદ છો, પરમાનંદનો પિંડ છો. પરમાનંદસ્વરૂપ નિજ દ્રવ્યસામાન્યને અવલંબનારી દૃષ્ટિ સર્વપ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ તું પ્રગટ કર. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું ધ્રુવ તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—કોઈ પણ પ્રકારની પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો અદ્‌ભુત દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવગમ્ય થયો!' એમ જ્ઞાન જાણે, પણ દ્રવ્યદૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—ધ્રુવ દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી છે તે જામેલી જ રહે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

* શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, નાઇરોબી; શ્રી દિગંબર જૈન એસોસીએશન લંડન તથા શ્રી જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલીટન, વોશીંગ્ટન તરફથી વિદ્વાન વાંચનકાર મોકલવા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ઉપર વિનતી-પત્ર આવવાથી નીચે મુજબ ત્રણ વિદ્વાન વાંચનકાર મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે:—

વિદ્વાન બ્ર. ભાઈશ્રી વ્રજલાલ ગીરધરલાલ શાહ, વઢવાણ—નાઇરોબી, તા. ૩૦-૮-૯૩થી

વિદ્વાન ભાઈ શ્રી ડા. પ્રવિણભાઈ ડી. દોશી—લંડન, તા. ૧૧-૯-૯૩ થી

વિદ્વાન ભાઈ શ્રી રાજેન્દ્ર વિનોદભાઈ કામદાર, રાજકોટ—અમેરીકા, તા. ૨૮-૮-૯૩થી

શ્રી રાજેન્દ્રભાઈના અમેરીકાના કાર્યક્રમ બાબત નીચેના એડ્રેસ પર સંપર્ક સાધવો:—

SHREE HASMUKHBHAI M. SHAH
1409 RISING WIND COURT, SILVER SPRING, MD 20905, U. S. A.
TEL. No. (301) 384-1746

# વૈરાગ્ય સમાચાર

* જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વકીલના પુત્ર શ્રી ત્રિભોવનદાસ વીરજીભાઈ વારીયા ( વર્ષ-૮૪ ) તા. ૧૫-૭-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા, તત્ત્વનો ઘણો અભ્યાસ અને રુચિ હતી.

* બોટાદ નિવાસી ( હાલ સોનગઢ ) શ્રી ત્રિવેણીબેન નરોત્તમદાસ ( વર્ષ-૯૦ ) તા. ૩૧-૭-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૪૦ વર્ષ સોનગઢ રહીને સતસમાગમનો ઘણો લાભ લીધો હતો.

* રાજકોટ નિવાસી શ્રી છબીલદાસ સુંદરજી વારીયાના પુત્ર પ્રદિપભાઈનો તા. ૯-૮-૯૩ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

* સોનગઢ નિવાસી શ્રી રજનીભાઈ ગુલાબદાસ શાહ પોરબંદરવાળા ( વર્ષ-૬૫ લગભગ) તા. ૯-૮-૯૩ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. નાદુરસ્ત તબિયત છતાં વર્ષો સુધી સોનગઢ રહીને તેમણે ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વ-અભ્યાસી, જિજ્ઞાસુ ને દેવ-ગુરુ ધર્મની અત્યંત ભક્તિવાળા હતા.

* સોનગઢ નિવાસી ( હાલ-માટુંગા ) શ્રી ચંપકલાલ નાગરદાસ મોદી તા. ૧૩-૮-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીને સંપ્રદાય છોડીને સોનગઢ સ્થિર થવામાં જેમણે અત્યંત ભક્તિપૂર્વક લાભ લીધો હતો તે શ્રી નાગરદાસ દેવચંદ મોદી તથા શ્રી હરગોવિંદદાસ મોદીના પરિવારના સભ્ય શ્રી ચંપકભાઈએ બાળપણ સોનગઢમાં વીતાવતા પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ પ્રાપ્ત કર્યો હતો.

* જેતપુર નિવાસી શ્રી કિરણભાઈ અભેચંદ ભોડીયા ( વર્ષ-૫૦ ) ( બોટાદ નિવાસી હાલ ખાર શ્રી બાબુભાઈ માણેકલાલ શાહના જમાઈ ) ડેટ્રોઈટ અમેરિકા મુકામે તા. ૨૮-૮-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી શ્રી મંજુલાબેન લક્ષ્મીદાસ લાખાણી ( વર્ષ-૭૧ ) તા. ૨૮-૮-૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગર નિવાસી શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ ( વર્ષ-૪૮ ) ( શ્રી ત્રંબકલાલ ઘડિયાળીના ભાણેજ ) હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબી નિવાસી શ્રી રમેશભાઈ ચંદુલાલ ઘડિયાળીના સુપુત્ર "શ્રી જિનેન્દ્ર" ( વર્ષ-૨૮ ) તા. ૧૦-૯-૯૩ના રોજ ગોવા મુકામે આકસ્મિક સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેર નિવાસી શ્રી રેવાકુંવરબેન ખેતસીભાઈ પારેખ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણામાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે

સોનગઢમાં પાંચ દિવસનો

# 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[તા. ૨-૧૨-૯૩ થી તા. ૬-૧૨-૯૩]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકાર-મૂર્તિ વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો ૧૩મો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૦, કારતક વદ ૭, સોમવાર, તા. ૬-૧૨-૯૩ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨-૧૨-૯૩, ગુરુવારથી તા. ૬-૧૨-૯૩, સોમવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ જ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા તથા શાસ્ત્રપ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવશે.

આ અવસરે અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

## * મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ *

* પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૦, મંગળવાર, તા.૯-૧૧-૯૩થી આસો વદ અમાસ, શનિવાર, તા.-૧૩-૧૧-૯૩ —પાંચ દિવસ સુધી શ્રી મહાવીર કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

—*—

## 卐 હું જ્ઞાયક છું 卐

હું જ્ઞાયક છું, હું એક ત્રિકાળી જ્ઞાયક વસ્તુ છું. ધ્રુવ જ્ઞાયક, નિત્ય જ્ઞાયક, સદશરૂપે ત્રિકાળ અવસ્થાયી જ્ઞાયક તે હું છું—એમ અંતરમાં સ્વભાવનો, રુચિ અને જ્ઞાનમાં નિર્ણય કરવાને સતત પ્રયત્ન કરવો.

—માર્ગપ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/-

A ૧૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ
લોકભારતી, પી. ઓ. [illegible]
વાયા–સોનગઢ [illegible]